# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

રાષ્ટ્રપ્રેમ હવે સેના સિવાય ક્યાંક રહ્યો નથી,
સેવા-ભાવ પણ સેના સિવાય ક્યાંક રહ્યો નથી,
રહ્યો નથી ક્યાંક છાંટો ફરજ-કર્તવ્ય-નિષ્ઠાનો,
ને વિશ્વાસ સેના સિવાય કોઇ પર રહ્યો નથી.
(જુવાનો ને શત-શત વંદન)

## હાઇકુ

આતંકી હત્યા,
છે રોજની ઘટના -
પથ્થર દિલે..

નટ નેતાઓ
ખેલે રાજકારણ -
'સહાય' મંચે..

## ચિંતન

**વારિજેનેવ સરસી શશીનેવ નિશિથિની ।**
**યૌવનેનૈવ વિનતા નયેન શ્રીર્મનોહરા ॥**

'જેમ કમળથી સરોવર, ચંદ્રથી રાત્રિ અને યૌવન દ્વારા યુવતી મનોહર લાગે છે તેમ, ન્યાય-નીતિ-નિષ્ઠા પરિશ્રમથી પ્રાપ્ત કરેલી લક્ષ્મી પણ મનોહર લાગે છે.'

ધન-વૈભવ હોવા છતાં એવા પરિવાર હોય છે ઘરનાં બધાં જ સભ્યો વચ્ચે અણબનાવ-અબોલા-ખટપટ-ઇર્ષા - ખેંચાખેંચ રહેતી હોય, ઘરનો મુખ્ય માણસ વ્યસની અને ચારિત્ર્યહીન હોય પરિવારની સ્ત્રી-કુળવધુઓ કુળની મર્યાદાનો વિચાર કર્યા વિના 'ઉંબર' ઓળંગતી રહેતી હોય - સંતાનો આવા 'ધનિક' પરિવારનો શું અર્થ? જયારે અન્યાય-અનીતિથી આવક થાય ત્યારે સારો એવો પરિવાર પણ છિન્નભિન્ન થઇ જાય છે.

જયારે પરિશ્રમ અને નીતિ-ન્યાય-નિષ્ઠાથી ઉપાર્જિત ધન ભલે થોડું મળે પણ એ સુખ-શાંતિ-દાયક હોય છે. એનાથી પરમતૃપ્તિ અને પરિવારમાં સ્નેહ-પ્રેમ-લાગણીના સંબંધો સાથે એકમેકને હુંફ મળે છે.

અહીં કમળવાળાં સરોવર અને યૌવનવતી યુવતીની વાત દ્વારા-સમજાવ્યું છે.

## સુવિચાર

- માણસને ગ્રહ દશા નથી નડતી, આગ્રહ દશા બહુ નડે છે - **ગુલાબદાસ બ્રોકર**
- કોઇ પણ વિષય પર મહારત હાંસલ કરવી છે? તો તેના પર પુસ્તક લખી નાખો - **સંત ફ્રાન્સીસ**
- માણસે જો લેખક બનવું હોય તો જિંદગી તરફ પીઠ ન ફેરવવી જોઇએ- **સમર સેટ મોમ**
- લખતાં શીખવું છે? તો વાંચતા શીખો - **લોર્ડ એક્ટન**
- મોટા ભાગના લેખકો કાં તો એમનું લખાણ ચોરે છે અથવા ખરીદે છે - **અનામી**
- લખવાનું ખૂબ સહેલું છે, તમારે માત્ર તમારા લખાણના નકામા શબ્દો છેકી નાખવાના છે - **માર્ક ટ્વેઇન**
- કલમ લઇને હું મારા દિમાગને નીચોવી ન નાખું તો પાગલ થઇ જાઉં. લેખન માટેની આ લાગણી હું સમજી શકતો નથી, લેખન મારો આનંદ નહીં ટોર્ચર છે- **ચંદ્રકાન્ત બક્ષી**

## બોધ કથા

પોતાને બુદ્ધિમાન માનતા ક્યારેક જાતે નોંતરેલી આફતમાં બે પગે બંધાઇ જાય છે

એક લુચ્ચા વિદેશીએ એક ખાનગી વિમા કંપની પાસે વિમો ઉતરાવ્યો અને બહુ જ મોંઘી એવી સિગારેટનો કંપની સાથે એક મહિનામાં કોઇ પણ પ્રકારે સળગી ન જાય એ માટે કરાર કર્યા. વિમા કંપનીએ સિગારેટન એક મહિનાનો વિમો સ્વીકાર્યો.

પેલા લુચ્ચાએ એક મહિના મંદર જ બધી સિગાર ફૂંકી દીધી અને તેની રાખ ભેગી કરી. દાવો કર્યો મારી સિગાર સળગી ગઇ છે આ એની રાખ! મને વળતર આપો - કોર્ટમાં જીતી ગયો - કોર્ટે કહ્યું 'સળગી' છે પણ કેમ સળગી એનો ઉલ્લેખ વિનાની શરતમાં નથી તેથી વિમાની રકમ ચૂકવી દો!

વિમા કંપનીના વકીલે એક નવી કલમ શોધી બતાવી વિમાની સુરક્ષિત કોઇ વસ્તુ-થાપણનો કોઇ ઇરાદાપૂર્વક નાશ કરે તો ગુન્હેગાર ઠરે.'

... હવે વિમા કંપનીની જીત થઇ એને પેલો વિદેશી લુચ્ચો કાગડો - બે હાથે બેડી સાથે બંધાઇ જેલમાં ગયો.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# કુદરતે પોતાનું રૌદ્ર રૂપ બતાવતાં પહેલાં વગાડેલા બધાં જ એલાર્મ બેલ માણસના બધિર તંત્રને અથડાઇને પાછા વળ્યાં, શાંત પાણીમાં કાંકરી નહિ પણ પથરો નાખવાની માણસ જાતને ટેવ પડી છે અને હવે એનાં માઠા ફળ આપણે ઉત્તરાખંડની તબાહીમાં જોઇ રહ્યાં છીએ

## સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

ટી.વી. પર ઉત્તરાખંડમાં થયેલી ભયંકર તબાહીના રૂંવાડા ખડા થઇ જાય તેવા દૃશ્યો ચાલી રહ્યાં છે ને ધીરે ધીરે મસ્તિષ્ક શૂન્ય થતું જાય છે. સંવાદદાતાના અવાજો કે કોલાહલ બિલકુલ શાંત થઇ જાય છે અને કોઇ નાના બાળકનો ડુસકાં લેતો ચહેરો સમગ્રની વેદનાનો ચહેરો બની જાય છે. મનમાં રવીન્દ્રનાથ ટાગોરની "નિર્ઝરેર સ્વપ્નભંગ"ની પંક્તિઓ વહેલા લાગે છે -

"રવિ અસ્ત પામે છે, અરણ્યમાં અંધકાર છે અને આકાશમાં અજવાળું!
નત નયન સંધ્યા દિવસની પાછળ ધીમે ધીમે આવે છે;
માંડ માંડ વહે છે વિદાયના વિષાદથી થાકેલો સંધ્યાનો વાયુ!
બે હાથમાં હાથ મૂકીને ભૂખી આંખે બે ભૂખી આંખોમાં તાકી રહ્યો છું!
શોધું છું કે તું ક્યાં છે? તું ક્યાં છે?
જે અમૃત તારામાં છુપાયેલું છે તે ક્યાં છે?"

ઇશ્વર વિષે એવું કહેવાય છે કે તેને ખૂબ સૂનું - સૂનું અને એકલું લાગતું હતું એટલે પરમાત્માએ સૃષ્ટિનું સર્જન કર્યું "એક અહમ્ બહુ સ્યામ!" આફ્રો અમેરિકન કવિ જેમ્સ જોન્સને આ વિષય પર એક કાવ્ય લખ્યું છે તેણે પોતાની રીતે ઇશ્વર અને ઇશ્વરના સર્જનની વાત કરી છે. તે કહે છે કે ઇશ્વર અવકાશની બહાર આવ્યાં. તેમણે આજુબાજુ જોયું અને બોલ્યા, "હું સાવ એકલો છું, હું મારામાથી સૃષ્ટિનું સર્જન કરીશ. હજારો મધરાત કરતાંય વિશેષ કાળો અંહકાર તેમણે જોયો, એ હસ્યા, પ્રકાશનો વિસ્ફોટ થયો, અંધકાર હટી ગયો. કેવળ પ્રકાશ... ચાલો, આ સારૂં થયું. ઇશ્વરે પોતાના હાથમાં પ્રકાશનો પુંજ લીધો અને એમણે સૂર્ય બનાવ્યો. સૂર્ય તરતો મુકી દીધો. બાકીના પ્રકાશમાંથી એકબીજો દડો અંધકારમાં ફેંક્યો અને તેમાંથી પ્રગટ્યા ચંદ્ર અને સિતારા. પોતાની રચનાથી ઇશ્વર રાજી થયાં અને કહ્યું, "ચાલો આ પણ સારૂં થયું."

ઇશ્વર એક પગથિયું નીચે ઉતર્યા. સૂર્ય તેમની જમણી બાજુએ... ચંદ્ર ડાબી બાજુએ. માથા પર તારાઓનો ઝગમગાટ. પૃથ્વી ચરણ નીચે અને ઇશ્વર ચાલ્યાં. તેના એક પગલે ખીણ અને બીજા પગલે શિખર. એ ઊભાં રહ્યાં જોયું પૃથ્વી તપ્ત અને ઉજ્જડ. એણે સાત સમંદર વહેતાં કર્યા. આંખ ચોળી અને વીજળી ઝબકી. તાળી બજાવી અને વાદળોમાં ગડગડાટ થયો. પૃથ્વીના પાણી નીચે વહેવા લાગ્યાં. લીલુછમ્મ ઘાસ ઉગ્યું. સુંદર ફુલો ખીલ્યાં. વૃક્ષની ટોચે આંગળીની જેમ આકાશનો માર્ગ ચીંધતી હતી. કોઇ ઘટાદાર વૃક્ષે પોતાના હાથ ફેલાવ્યા, સરોવરો રચાયા. સમુદ્ર ને મળવા નદીઓ દોડી અને ... ઇશ્વર ફરીથઈ હસ્યાં. તેમની આજુબાજુ મેઘધનુષ્ય વીંટળાઇ વળ્યુ. તેમણે પોતાનો હાથ ઊંચો કર્યો. દરિયા પર હાથ ફેલાવ્યો, જમીન પર ફેરવ્યો ને એ હાથ નીચે ઢળે તે પહેલાં માછલીઓ ઉછળવા લાગી. પંખીઓ ઉડવા લાગ્યા. જંગલમાં પશુઓ ભમવા લાગ્યાં ને આકાશ પંખીઓ ઉડવા લાગ્યા. જંગલમાં પશુઓ ભમવા લાગ્યા ને આકાશમાં પંખીઓની પાંખના ફફડાટથી ગુંજી ઉઠ્યું.

ઇશ્વર પોતાની જ રચેલી સૃષ્ટિના મોહમાં પડી ગયાં, સૂર્ય, ચંદ્રને જોયાં જ કર્યા. સમુદ્ર, જંગલ, પક્ષી, પ્રાણી બધાંએ જોયાં કર્યા. અને... ઇશ્વર બોલ્યા, 'હજી પણ હું સાવ એકલો છું. એકલવાયો છું.'

પછી ઇશ્વર એક શિખર પર વિચારમગ્ન દશામાં બેઠા. ઊંડી પહોળી નદીના પટ પર બેઠા. હાથમાં માથું ઢાળીને તેમણે માત્ર વિચાર્યા કર્યું અને કહ્યું : "હવે હું મારામાંથી માણસ સર્જીશ!" નદીની પથારી પરથી બેઠા થયાં માટીનો એક પિંડ લીધો અને ઇશ્વરે તેમની સર્જનશક્તિની પરાકાષ્ઠા સમા માણસનું સર્જન કર્યું. આ એજ ઇશ્વર છે, જેમણે સૂર્યને સર્જયો અને આકાસમાં સ્થિર કર્યો. આ એજ ઇશ્વર છે, જેણે હાથની મધ્યમાં પૃથ્વીને ગોળ-ગોળ ગુમાવી. આ જે ઇશ્વર છે જેણે માટીના પિંડમાંતી મનુષ્યને સર્જ્યો. પિંડમાં એક ફૂંક મારી અને જીવતો જાગતો હસતો-ફરતો ઇશ્વરની પ્રતિકૃતિ જેવો માણસ સર્જાયો.

ૐ શાંતિ : ૐ શાંતિ : ૐ શાંતિ :

કાવ્ય અહી પૂરૂં થાય છે. પછી કવિએ કશું જ કહ્યું નથી. પણ એક હકીકતનો ઉઘાડ અહીં થાય છે કે માણસના સર્જન પછી જ ઇશ્વરને શાંતિ મંત્રની જરૂર પડી. મામસ સિવાયની સૃષ્ટિ હતી. ત્યાં સુધી ઇશ્વરને સૃષ્ટિમાંથી જ શાંતિનો આર્વિભાવ થતો હતો. તેને શાંતિમંત્રની જરૂર નહોતી. પણ માણસના આવ્યા પછી જ અશાંતિની શરૂઆત થઇ. દેવ બનવાની લ્હાયમાં, સૃષ્ટિના બધાં જ રહસ્યોનો તાગ મેળવી લેવાની લ્હાયમાં, બ્રહ્માંડને સર કરી લેવાની લ્હાયમાં, સ્વર્ગને પૃથ્વી પર સર્જવાની લ્હાયમાં, માણસ ક્યારે દાનવત્વના સીમાડા પાર કરી ગયો તેની જાણકારી જ ન રહી. સૃષ્ટિનાં જ તત્વો લઇ પોતાની સૃષ્ટી સર્જવાની મથામણમાં કુદરત ઉપર આપણે રીતસરનો બળાત્કાર જ કરી નાંખ્યો છે. આડેધડ વૃક્ષો કાપીને પ્રકૃતિને વસ્ત્રહીણી નથી કરી નાંખી? ઊંચા શિખરોની હોડમાં સ્કાય સ્ક્રેપર્સ ઊભાં કર્યા, ઉડતા પંખીઓને જોઇને વિમાનો બનાવ્યાં, પાણીમાંથી વિજળી પ્રગટાવી. મહાવિનાશકારી વાવાઝોડું બની માનવજાત પ્રકૃતિ પર તૂટી પડી. ભગવાને સોના જેવો બનાવેલો માણસ માટીપગો નીકળ્યો.

સુખ-સાહ્યબીની દોડમાં, રાજકારણના આટાપાટામાં, કાદવ ઉછાળવાની મનગમતી રમત રમતો પિત્તળનો માણસ પોતાના સ્વાર્થમાં એટલો આંધળો બન્યો કે કુદરતે પોતાનું રૌદ્ર રૂપ બતાવતાં પહેલાં વગાડેલા બધાં જ એલાર્મ બેલ માણસના બધિર તંત્રને અથડાઇને પાછા વળ્યાં. શાંત પાણીમાં કાંકરી નહિ પણ પથરો નાખવાની માણસ જાતને ટેવ પડી છે અને હવે એનાં માઠા ફળ આપણે ઉત્તરાખંડની તબાહીમાં જોઇ રહ્યાં છીએ.

હજીયે સુધરવાને બદલે આપણે ટીવી પર જેટલા રસથી આઇપીએલની મેચો જોઇ તેટલા રસથી તબાહીના દૃશ્યો જોઇ રહ્યાં છીએ! બસ? દુષ્યન્તકુમાર કહે કે,

"ઇસ શહર મેં વો કોઇ બારાત હો યા વારદાત,
કિસી ભી બાત પર ખુલતી નહિ હૈ ખિડકીયાં"

- બહુ થાય તો સરકારને થોડી ભાંડી લઇએ છીએ, તંત્રએ આવા સમયે કેવી રીતે કામ કરવું જોઇએ તેની સૂફિયાણી સલાહો આપ-લે કરી લઇએ છીએ અને પત્યું... આપણો માનવ ધર્મ પૂરો થયો. ખરેખર તો જુવાનિયાઓ ટીમ બનાવી ઉત્તરખંડમાં લાખો લોકોને બચાવવા માટે જદ્દોજહેત કરતાં મુઠ્ઠીભર સિપાઇઓની વહારે ન જવું જોઇએ? ચેમ્પિયન ટ્રોફી જીત્યાં પછી કરોડોના ઇમાન મેળવનાર ક્રિકેટરો જયારે પીડિતો માટે એક રૂપિયો પણ ન આપે ત્યારે તે ક્રિકેટરો ને દેવ બનાવી માથે બેસાડવાના બદલે તેમનો વિરોધ ન કરવો જોઇએ? દેશની ગરીબ ગણાતી હોકી ટીમને જયારે પુર પીડિતોને સહાયતાની જાહેરાત કરે છે ત્યારે તેમના ખેલાડીઓને જાહેરમાં બિરદાવવા આપણી ફરજ નથી? મૃતકોને શ્રદ્ધાંજલી આપવાનો અને કુદરત પાસે આપણાં કરેલા કર્મો નહિ પણ દુષ્કર્મોની માફી માંગવાનો એક માત્ર ઉપાય તે આ ચોમાસામાં દરેક મૃતક દીઠ દસ-દસ વૃક્ષો વાવવાનો અને માત્ર વાવીને હાત નહિ ધોઇ નાંખવાના બલકે તેને ઉછેરીને મોટા કરવાનો સંકલ્પ લેવો જોઇએ.

બાકી અત્યારે તો ઇશ્વરને થતું હશે કે મારી એકલતાનું દુઃખ ઓછું હતું કે વધારામાં મારે માણસનું દુઃખ પણ વહોરવાનો વારો આવે! "માણસ"ની "માણસાઇ" ભૂખ્યો ઇશ્વર હવે દુઃખી થઇને બેઠો છે. એના બે હાથમાં સુકાઇ ગયેલી નદી કે કાંઠે એનું પોતાનું જ માથું ઢળી પડ્યું છે. શાંતિમંત્ર નાદ ભેંકાર પ્રકૃતિમાં બોદા થઇ ગયા છે! બસ વાદળોને હાર્દિક વિનંતી કે હવે હિમાલયને બક્ષો! ખમૈયા કરો બાપલા! **- તારી સ્વાતિ**


# નાગરવેલના અલગ અલગ પ્રકારો છે, મોટા કદનાં બંગલા પાન, નાના કદનાં તીખા એવા કપૂરી પાન આદિ અનેક જાતિઓ જોવા મળે છે

## નાગરવેલ (પાન)

## નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

ઘણા લોકો માટે શોખ તો ઘણા લોકો માટે જરૂરિયાત સમા નાગરવેલના પાન એટલે જાણે ભારતની અસ્મિતાનું એક છોગું છે. આપણા આદિ ગ્રંથોમાં પણ જેનો ઉલ્લેખ છે તેવા નાગરવેલના પાનનું ચલણ જાણે સત્-દ્વાપર-ત્રેતા અને કલિયુગ એમ ચારે યુગમાં ભારોભાર હોય તેમ જણાય છે. એમાય વળી સુલ્તાનો અને મુગલ બાદશાહોના આગમન બાદની સંસ્કૃતિમાં તો તેનું મહત્ત્વ ઓર વધ્યું. આયુર્વેદમાં પણ દિનચર્યાના ભાગ રૂપે જ 'તામ્બુલસેવન' નું વર્ણન છે. આમ તો ભગવાનને ય પાન ભાવતા જ હશે કારણ કે યજ્ઞયાત્રાદિમાં પણ આપણે દેવો ને તામ્બૂલ (પાન) અર્પણ કરીએ છીએ.



પાન આમ તો પાચન માટે તેમજ મુખશુદ્ધિ માટે સારૂં જ છે પણ એ નિર્દોષ સ્વરૂપે હોય તો જ ગુણકારી બને છે. એ પાનમાં અલગ અલગ નંબરોની તમાકુ કે કિમામો નાખતા લાભ કરતા હાનિ વધુ થાય. એટલે આપણે એ ધ્યાનમાં રાખીએ કે અહિં જે કોઇ ગુણોનું નિદર્શન કરીશું તે નિર્દોષ સ્વરૂપે લેવામાં આવતા પાનના ગુણોનાં સંદર્ભ હશે.

પાનનો સ્વાદ તીખો, તમતમાટી ઉપજાવે તેવો અને સુગંધ યુક્ત છે. તે શ્લેષ્મત્વચાને ઉત્તેજના આપે છે. પાન ખાવાથી મોંની વિરસતા, બેસ્વાદપણું, દુર્ગંધ, ચીકાશ આદિ નાશ પામે તે પાચક રસોનો સ્ત્રાવ પણ વધારે છે.

શિખંડ પુરી જેવો ભારે ભરખમ ખોરાક દાબ્યો હોય પેટનું ભારેપણું પણ દૂર કરે છે.

આમ તો નાગરવેલના અલગ અલગ પ્રકારો છે. મોટા કદનાં બંગલા પાન, નાના કદનાં તીખા એવા કપૂરી પાન આદિ અનેક જાતિઓ જોવા મળે છે.

નાગરવેલ એ મરી, લીંડી પીપર, પીપરીમૂળ વર્ગની વનસ્પતિ છે. (આ વર્ગ વૈજ્ઞાનિક નામ 'પાઇપેરેસી' છે).

હાલ આપણા ખોરાકમાં મધુર તત્વનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. મેંદો, ચોકલેટ, આઇસ્ક્રીમ, બેકરીની આઇટમો, મીઠાઇ, પોલીશ કરેલા ચોખા આદિ અલગ અલગ સ્વરૂપે મધુર રસ તથા તેને લગતા ગુણોયુક્ત છે. આ મધુર રસની બહુલતાને કારણે મોં તેમજ દાંત - પેઢાને લગતા રોગો થવાની શક્યતા રહે છે. પાન આ મધુરતા કાપે છે અને મોં ને સ્વચ્છ રાખે છે.

નાગરવેલના પાનમાં 'ચવિકોલ' નામનું તત્ત્વ છે. જેના કારણે જ પાનમાં તીખાશ જણાય છે. વળી, પાનની સાથે ચૂનો અને કાથો ખાવામાં આવે છે. ચૂનો પાનમાંના કલોરોફીન સાથે ભળીને પચે છે. જેનાથી અમ્લતા ઓછી થાય છે. કાથો મોં, ગળું, સ્વર તેમજ પાચનતંત્ર માટેનું ઉત્તમ ઔષધ છે. પાન કફને પણ દૂર કરે છે. શરદી - સળેખમમાં કોરા પાન ચાવવાથી ફાયદો થાય છે. શ્વાસનળીનો સોજો મટે છે. બાળકને શરદી થઇ હોય તો હળવો શેક કરવાથી છાતી પરની જામેલો કફ છુટો પડી જાય છે.

આમ, નાગરવેલના પાન ખરે જ ગુણકારી છે પરંતુ જો આ પાનની લત લાગી જાય તો આ જ પાન શરીરમાં રોગો ઉત્પન્ન કરે છે. જે લોકો દિવસનાં અનેક પાન આદત ને કારણે ખાય છે તેનું પાચનતંત્ર તેમજ દાંત તથા મુખ બગડે છે, અનેક રોગો થાય છે. પિત્ત પ્રકૃપિત થાય છે જે વળી અનેક રોગોને નોંતરે છે. આથી સંયમપૂર્વક, જરૂરિયાત સમયે નાગરવેલના પાનનો ઉપયોગ કરવો હિતાવર છે.

**નાગરવેલના પાન ખરે જ ગુણકારી છે પરંતુ જો આ પાનની લત લાગી જાય તો આ જ પાન શરીરમાં રોગો ઉત્પન્ન કરે છે**

# 'ઇન્ટરવ્યુ'માં સફળતા મેળવવાનાં બાર સૂત્રો

## પોઝિટિવ થિન્કિંગ

યશવંત કડીકર



તમે ઇન્ટરવ્યુ આપવા જઇ રહ્યાં છો, એમાં સફળતા હાંસલ કરવી છે, ખરૂં ને? તો શું કરશો? સાદી અને સીદી ફક્ત બાર રીતો અપનાવો, સફળતા તમારા પગ ચૂમતી આવશે.

પેલા આદ્યકવિએ કહ્યું છે ને -

"મનુષ્યત્ન, ઇશ્વરકૃપા, સદૈવ જોઇએ હાથ,
ખેતર વાવે શ્રમ કરી, તો ઉઘાડવું હરિ હાથ."

સિદ્ધિની સાર્થકતા માટે કેટલાક સૂત્રો છે, જે જાણીએ, એનો અમલ કરીએ, તો પરિણામ સ્પષ્ટ આવશે જ. એટલે સફલતા મેળવવા માટે અગાઉથી પૂરેપૂરી તૈયારી કરવી જરૂરી છે. આવી આ સફળતા મેળવવા માટે બાર ઉપાયોનો અમલ કરવો.

(૧) સૌથી પહેલા તમે જે સંસ્થામાં "ઇન્ટરવ્યુ" આપવા જવાનો છે, તે સંસ્થા માટેની પૂરી જાણકારી મેળવો. તે સંસ્થા કેવી છે, એનું ઉત્પાદન કેવું છે, એની 'બ્રાંચો' (શાખાઓ) ક્યાં ક્યાં છે તથા એની બીજી ખાસ વિશેષતાઓ શું છે - આ બધી વાતોની જાણકારી "ઇન્ટરવ્યુ" આપતાં જતા પહેલાં તમારે મેળવી લેવી જોઇએ. યાદ રાખો કે આ માહિતી અધૂરી ના હોવી જોઇએ.

(૨) જે કંપનીમાં તમે "ઇન્ટરવ્યુ" આપણા જતા હો, એ કંપનીના મુખ્ય અધિકારી તથા બીજા મોટા અધિકારીઓ વિશે જાણકારી મેળવવા પ્રયત્ન કરો, એટલું જ નહીં, જેમની સાથે તમારે કામ કરવાનું છે - એમના વિશે પણ જાણકારી મેળવી લો. આ જાણકારી તમારા માટે વિશેષ ઉપયોગી નીવડશે તથા 'ઇન્ટરવ્યુ'માં તમે મક્કમ અને દૃઢ બની શકશો. આ માટેની જાણકારી માટે તમે તમારા સંપર્કસૂત્રોનો ઉપયોગ કરી શકો છો. આ ઉપરાંત તમને છાપાંઓમાં પ્રકાશિત થતી જાહેરખબરોમાંથી પણ તે કંપની વિશેની ધંધાકીય જાણકારી મળી શકે છે.

(૩) જો "ઇન્ટરવ્યુ"માં તમને કોઇ એવો પ્રશ્ન પૂછવામાં આવે, જેની અપેક્ષા તમને ના હોય તો આવા પ્રશ્નથી ગભરાશો નહીં અને ખોટો જવાબ ન આપશો. આવા પ્રશ્ન ટાળવો એ જ હિતાવહ છે.

(૪) કેટલીવાર "ઇન્ટરવ્યુ" માં "ઇન્ટરવ્યુ" લેનાર તમને અંગત પ્રશ્નો પૂછે કે "તમારા પોતાના વિશે જણાવો. તમે તમારી પહેલી નોકરી છોડીને કેમ અહીં આવવા માગો છો? તમારી મહત્ત્વાકાંક્ષાઓ શું છે? વગેરે... વગેરે..." આવા પ્રશ્નોની તૈયારી માટે "ટેપરેકોર્ડર" ની મદદ લો, પ્રશ્નો અને એના યોગ્ય જવાબોને 'ટેપ' કરી દો અને વારેવારે વગાડો અને સાંભળો. તમારો આત્મવિશ્વાસ વધશે અને "ઇન્ટરવ્યુ"માં પૂછવામાં આવતા આવા સવાલોનો જવાબ આપવામાં સરળતા રહેશે.

(૫) "ઇન્ટરવ્યુ" વખતે તમે તમારી મુશ્કેલીઓ અને અડચણો પણ "ઇન્ટરવ્યુ બોર્ડ" સામે રજૂ કરવામાં સરળતા રહેશે.

(૬) તમારા અગાઉના સાહેબ સાથેનાં તમારા સંબંધો કેવા હતા એ વિશે પણ જણાવવાને તૈયાર રહો. જો તમને અગાઉના સાહેબ સહકાર આપતા ન હતા, તો નવા સાહેબ પાસે તમારી શું અપેક્ષાઓ છે, એની જરૂર સ્પષ્ટતા કરો. આ બધી વાત કરતાં કોઇને એવું ના લાગવું જોઇએ કે તમારો ઉદ્દેશ કોઇને નીચે ઉતારી પાડવાનો, બદનામ કરવાનો છે. બધું યોગ્ય રીતે રજૂ થવું જોઇએ.

(૭) કામના દબાણમાં તમારી પદ્ધતિ કેવી હશે એ જાણવા માટે તમારા પર દબાણ કરવામાં આવશે. આ માટે તમને એવા કેટલાક સવાલો પૂછવામાં આવશે, જે તમને બિનજરૂરી લાગે. આવા પ્રશ્નોથી ગભરાશો નહીં કે એના તમે આડાઅવળા જવાબો આપશો નહીં. આવા સવાલોના જવાબ આપવામાં પૂરેપુરી ઇમાનદારી રાખજો અને આ પ્રશ્નોનાં જવાબ ગભરાયા વગર સહજતાથી આપજો.

(૮) ક્યારેક પ્રશ્નોના જવાબમાં ગૂંચવાશો નહૂં અને "ઇન્ટરવ્યુ" વખતે મક્કમ રહેશો. પ્રશ્નોના જવાબ ખૂબ જ ટૂંકાણમાં 'હા' કે 'ના'માં આપશો, પરંતુ યોગ્ય રીતે જવાબ આપો, જેથી તમારો પ્રભાવ પડે, આનાથી "ઇન્ટરવ્યુ" લેનારને એ વાતની ખાતરી થઇ જશે કે તમારામાં બીજાને પ્રભાવિત કરવાની અને પોતાને શ્રેષ્ઠ સાબિત કરવાની ક્ષમતા છે.

(૯) "ઇન્ટરવ્યુ" આપતાં પહેલાં એ મુદ્દાઓ પર તમારી જાતને એ રીતે તૈયાર કરી લો, જે રીતે તમે જવાબ આપવા માંગતા હો, ખાસ કરીને તમારી હોંશિયારી અને અનુભવો પ્રભાવશાળી રીતે વ્યક્ત કરવાની તમારી તૈયારી હોવી જોઇએ.

(૧૦) "ઇન્ટરવ્યુ" વખતે "ઇન્ટરવ્યુ" લેનાર બીજા અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરવા લાગે, તો વચ્ચે ના બોલશો કે વાતચીતમાં કોઇ વિઘ્ન ના કરશો.

(૧૧) એ પણ સ્પષ્ટ કરવાનું ના ભૂલશો કે તમારે નોકરીની જરૂરિયાત છે અને એ માટે તમે પૂરેપૂરા પ્રયત્નશીલ છો. નોકરી તમારા માટે ખૂબ જરૂરી છે. આ વાત અસરકારક રીતે રજૂ કરો.

(૧૨) "ઇન્ટરવ્યુ" વખતે સંયમશીલ અને સ્વસ્થ રહો અને "ઇન્ટરવ્યુ" પૂરો થતાં મધુર સ્વરથી "ધન્યવાદ" કહેવાનું ન ભૂલશો. આમ કરવાથી પરિણામ તમારા માટે નિશ્ચિત બની રહેશે.